દાદા ભગવાન પરિવારનું

મે ૨૦૨૨

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# રજ્જા... એ... મજ્જા...





## સંપાદકીય

બાળમિત્રો,

માની લો કે એક દિવસ માટે તમારે સાયન્ટિસ્ટ બનીને એક પ્રયોગ કરવાનો છે. તો તમને તમારા પ્રયોગને સફળ બનાવવા માટે શું શું જોઈશે ? પ્રયોગ કરવા માટે સાચા સાધનોની જરૂર પડશે. કરેક્ટ ? લાઈફમાં પણ આપણે એક ખરા સાયન્ટિસ્ટ બનીને લાઈફને સફળ બનાવવાનો પ્રયોગ કરવાનો છે. અને એ સફળતા માટે આપણને જ્ઞાનીઓએ આપેલી સાચી સમજણના સાધનો જોઈશે.

તો આ સાચી સમજણના સાધનો કયા કયા છે ? ચાલો, આ અંક વાંચીને એ સાધનો સમજીએ અને જ્ઞાનીઓના કહ્યા પ્રમાણે જીવન જીવીએ.

- ડિમ્પલ મહેતા




વર્ષ : ૧૪, અંક : ૯
સળંગ અંક : ૧૬૫
મે ૨૦૨૨


.....................................


સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.




# જ્ઞાનીઓ કહે છે...

કોઈને દુઃખ ના થાય એવું જીવન જીવતા આપણને આવડવું જોઈએ. કોઈને દુઃખ ના દઈએ અને આપણે દુઃખી ના થઈએ એવી સમજણ ખાસ મેળવવાની છે. દુઃખ નહીં આપીએ તો આપણને પણ દુઃખ નહીં આવે.

સાચી સમજણથી આપણું જીવન પરિવર્તન થઈ શકે, જીવનમાં શાંતિ થઈ શકે. ઊંધી સમજણથી તો જીવનમાં દુઃખ, અશાંતિ અને કકળાટ વધવાના.

જીવનમાં આપણે ધ્યાન રાખવા માંગીએ છીએ કે આપણું હિત શેમાં છે અને અહિત શેમાં છે. લોકો તો એકબીજાનું જોઈને જીવે છે. ધ્યેય વગરનું જીવન એ તો દિશા વગરના વહાણ જેવું છે. એવું વહાણ ગમે ત્યારે ડૂબી જાય.

પણ, આપણને તો દાદાની સમજણ મળી છે. નીરુમા લાખો માણસોનું કલ્યાણ કરી શક્યા, એવું જીવન જીવ્યા. તો આપણે પણ એવી (એવું જીવન જીવવાની) ભાવના કેમ ના કરીએ !



# જંગલમાં આવ્યું છે કલ્પટોપ

'ડીડીમા' જંગલમાં બધા ખૂબ ખુશ છે. જંગલની લાઈબ્રેરીમાં છેલ્લા એક મહિનાથી ભીડ જામી છે ! ઉનાળાના વેકેશનમાં લાઈબ્રેરીમાં ભીડ ?!

એનું કારણ છે કે એક મહિના પહેલા ડીડીમા જંગલમાં પહેલીવાર ઈન્ટરનેટ ધરાવતું એક લેપટોપ આવ્યું છે જેનું નામ છે 'કલ્પટોપ'. તમને કલ્પવૃક્ષ વિશે તો ખબર જ હશે ને ? પહેલાના વખતમાં 'કલ્પવૃક્ષ' નામનું એવું ઝાડ હતું જે દરેક વ્યક્તિની બધી જ ઈચ્છા પૂરી કરતું ! અને આ લેપટોપ પણ ડીડીમા જંગલના પ્રાણીઓના સીધા, ઊલટા, સ્માર્ટ કે સિલી બધા જ સવાલોના જવાબ આપે છે. આ કલ્પટોપની સ્માર્ટનેસનું રહસ્ય છે કે એની પાસે સ્ટોર થયેલી છે દાદા, નીરુમા અને પૂજ્યશ્રીએ કરેલી વાતો !

બધા જ પ્રાણીઓ આ કલ્પટોપનો યુઝ કરીને નવી નવી વાતો જાણવા માટે એકદમ આતુર છે. પહેલા દિવસથી જ રોજ લાઈબ્રેરીની બહાર પ્રશ્નોના જવાબ મેળવવા માટે લાઈન લાગે છે.

વીકી વાંદરાએ કલ્પટોપમાં "સૌથી વધારે શોધાયેલા પ્રશ્નોનું" એક લિસ્ટ રેડી કર્યું છે.

તો ચાલો, આપણે પણ જોઈએ કે ડીડીમા જંગલના પ્રાણીઓએ કલ્પટોપને શું સવાલો પૂછ્યા છે !



# પ્રાર્થના કેમ રોજ?

ગુલ્લુ : પ્રાર્થના કેમ રોજ સવાર સાંજ કરવાની ?

પૂજ્યશ્રી : રોજ દસ મિનિટ કાઢવાની. સવારે નક્કી કરવાનું કે મન-વચન-કાયાથી કોઈને દુઃખ નથી આપવું. રાત્રે યાદ કરવાનું કે કોઈને દુઃખ અપાયું ? માફી માંગી લેવાની એટલે ચોખ્ખું થઈ જાય.

ગુલ્લુ : પણ મને તો પ્રાર્થના કરવાનો કંટાળો આવે છે. ચિત્ત પણ નથી રહેતું, પ્રેયર કરવા બેસું તો ખાવાના વિચાર આવે છે !

નીરુમા : નિયમ છે જેમાં ઈન્ટરેસ્ટ વધારે હોય ત્યાં એકાગ્રતા રહે. ઈન્ટરેસ્ટ વધારવાની જરૂર છે. ઈન્ટરેસ્ટ કેવી રીતે વધે ? જો એનું મહત્વ સમજાય તો. તમે પ્રાર્થના કરો અને પછી જુઓ કે ઘણો ફરક પડ્યો.

પ્રાર્થના કરવાથી પોઝિટિવ ભાવ મૂક્યા, પોઝિટિવ રિઝલ્ટ આવશે.

પ્રાર્થના કરવાથી અંદર અવળા ભાવ ના થાય.

સાચા દિલની પ્રાર્થના બધા સંયોગ ભેગા કરી આપે. દા.ત : સાચા દિલથી ભગવાન પાસે સરસ ભણવાની શક્તિ માંગીએ તો આપણને સરસ ભણવાના સંયોગ - જેમ કે એકાગ્રતા, બુક્સ, ટાઈમ, સમજણશક્તિ વગેરે બધું જ મળે.




# સીમંધર સ્વામીને પ્રાર્થના

ચીલી : આલુ કહે છે, "સીમંધર સ્વામીને પ્રાર્થના કર" તો સીમંધર સ્વામીને કેમ પ્રાર્થના કરવાની ?

પૂજ્યશ્રી : સીમંધર સ્વામીની પ્રાર્થના કરશો તો સીમંધર સ્વામી જોડે તમારો ભાવ જોઈન્ટ થશે. આવતા ભવનો હિસાબ એમની જોડે જોઈન્ટ થવાનો, ત્યાં (મહાવિદેહ ક્ષેત્રમાં, જ્યાં ભગવાન બિરાજે છે.) જન્મ પામીશું. સીમંધર સ્વામીની આરાધના કરો તો દેવ-દેવીઓ મોક્ષ માટે સહાય કરશે.

આપણા કરતા બે ડિગ્રી ઊંચા હોય તેને નમસ્કાર કરીએ તો આપણામાં એ જ્ઞાન ઉત્પન્ન થાય, એમના આશીર્વાદ મળે. સીમંધર સ્વામી તો બે ડિગ્રી નહીં, પણ હજારો ડિગ્રી ઊંચા છે. પૂર્ણ ભગવાન છે.



# આશીર્વાદ

જિફ્ફી : પરીક્ષા પહેલા વડીલોને કેમ પગે લાગવાનું ? હું કેટલો ઊંચો છું, મારી તો ડોક રહી જાય છે !

પૂજ્યશ્રી : વડીલોના આશીર્વાદ લઈને પરીક્ષા આપવા જવું જોઈએ. એમના આશીર્વાદ એ તો જીવતા ભગવાનના આશીર્વાદ લીધા બરાબર છે. એ પોઝિટિવ ફળ આપે.





# મંદિરે કેમ જવાનું ?

ટોરો : મંદિરે કેમ જવાનું ? મને તો દાદરા ચડતા ફાવતું જ નથી, અને મંદિરમાં લિફ્ટ પણ નથી..

દાદાશ્રી : મંદિરમાં પ્રતિષ્ઠા* કરેલી છે અને ત્યાં આગળ દેવલોકોનું વધુ રક્ષણ ખરું ને ? એટલે ત્યાં પવિત્ર વાતાવરણ હોય, એટલે ત્યાં અસર જ વધારે થાય ને !

પૂજ્યશ્રી : મંદિરમાં હજારો લોકો શ્રદ્ધાથી ભગવાનના દર્શન કરે છે. આપણે પણ દાદા ભગવાનની સાક્ષીએ નમસ્કાર કરવા. એક જ માંગવાનું, જગતનું કલ્યાણ કરો. બધાને આત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય, બધા ઉપર એવી કૃપા કરો કે બધા મોક્ષનો માર્ગ પામે.



* ભગવાનની પ્રતિમાજીમાં વિધિથી પ્રાણ પૂર્યા હોય.

# નવ કલમ

આલુ : મને પીપીલા જંગલના એનિમલ્સ જરાય નથી ગમતા. તો ચીલી મને રોજ નવ કલમ બોલવાનું કહે છે. હવે આ નવ કલમ રોજ બોલવાથી શું પીપીલા જંગલના એનિમલ્સ મને ગમતા થઈ જશે ?

પૂજ્યશ્રી : બધી શક્તિઓ માંગી છે નવ કલમોમાં. પહેલા અવળા ભાવ થયેલા એટલે આજે અવળું વર્તન થાય છે. તો હવે આપણે સવળા ભાવ કરીએ છીએ કે કોઈને દુઃખ આપવું નથી. એવા ભાવ કરીએ તો વર્તન એવું થશે.

નવ કલમો એવા બીજ છે જેનાથી પોતાને સુખ થાય અને બધાને સુખ થાય એવું વર્તન આવશે. કોઈને દુઃખ ના થાય એવી ભાવના સાથે આપણે નવ કલમોમાં પ્રાર્થના કરીએ છીએ.



# 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'



ફૂફૂ : આ કોયલ રોજ ભણવા બેસે એ પહેલા દાદા ભગવાનના અસીમ જય જયકાર કેમ ગાય છે ? પરીક્ષા હોય તો ૧૫ મિનિટ અને ના હોય તો પણ ૫ મિનિટ ગાય છે !

પૂજ્યશ્રી : 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવાથી,

- આપણા ચિત્તની શુદ્ધિ થાય.
- સુંદર ભણાય.
- એકાગ્રતાની શક્તિ વધે.
- ધારણ કરવાની શક્તિ વધે.
- કોઈ પણ ગુંચવાડામાં દાદા ભગવાનના અસીમ જયજયકાર બોલશો તો શાંતિ રહેશે.
- મોક્ષમાર્ગમાં આગળ વધાય.





# આરતી

પોલો : ગયા અઠવાડિયે આરતી કરતા કરતા ગુફાનો કેટલો બધો બરફ ઓગળી ગયો. તો પણ મમ્મી દરરોજ આરતી કરાવે છે. એવું તે શું રહસ્ય છે કે ગુફાનો બરફ ઓગળે છે તો પણ આરતી કરાવે છે ?

પૂજ્યશ્રી : આરતી કરો એટલે મન એકાગ્ર રહે અને આખો દિવસ શાંતિ રહે. ઘરમાં એક જ ઝઘડો થાય તો વાતાવરણ આખુંય બગડી જાય. પણ, આ આરતીથી શું થાય ? બધાનેય ઊંચા સંસ્કાર મળે. વાતાવરણ સુધરી જાય અને ચોખ્ખું, પવિત્ર થઈ જાય. આ આરતીમાં એટલો પાવર છે કે બહાર કળિયુગનું વાતાવરણ ઘરમાં પેસવા ના દે. આખો દહાડો ઘરના બધા માણસ આનંદમાં રહે. છોકરાઓના મન સારા રહે. આરતી ઠંડક આપે.



# ત્રિમંત્ર

ઝોઈ : ઘરેથી નીકળતા પહેલા ત્રિમંત્ર બોલવાનો નિયમ છે. ડેડી કહે છે કે એનાથી સુરક્ષિત રહેવાય. તો ત્રિમંત્રથી કેવી રીતે સુરક્ષિત રહેવાય ?

દાદાશ્રી : ત્રિમંત્રમાં તો ગજબની શક્તિ છે ! સર્વ દેવો રાજી રહે. અને વિઘ્ન ના આવે. અડચણો જતી રહે ! આમાં સારા સારા મનુષ્યો, ઊંચામાં ઊંચા જીવો હોયને, તેમને નમસ્કાર કરવાનું શીખવાડેલું છે. એમને આપણે નમસ્કાર કરીએ તો આપણને ફાયદો થાય, ખાલી નમસ્કાર બોલવાથી જ ફાયદો થાય.



# પ્રતિક્રમણ

ટીગુ : મને સોફી ટીચર કહે છે કે હું બધા પર ગુસ્સો કરી દઉં છું એના મારે પ્રતિક્રમણ કરવા જોઈએ. પણ એનાથી શું થશે ?

પૂજ્યશ્રી : આપણે ૭x૫=૩૨ લખી નાખીએ પછી આપણે ઈરેઝ ના કરીએ, ૩૫ ના લખીએ તો માર્ક કપાઈ જાય ને ? ઈરેઝર શેના માટે છે ? મિસ્ટેક કરેક્શન કરવા માટે. પ્રતિક્રમણ એ મેજિક ઈરેઝર છે, પોતાની મિસ્ટેક વોશ આઉટ કરવા માટે.

જીવનમાં મિસ્ટેક ધોઈએ નહીં તો ડાઘ રહી જાય, પછી આપણને દુઃખ ભોગવવું પડે. માફી માંગી લેવાથી દુઃખ મટી જાય અને ભૂલ ધોવાઈ જાય. નક્કી જ કરવાનું કે મારે કોઈને દુઃખ આપવું નથી. ‘હે દાદા ભગવાન, મારી ભૂલ થઈ ગઈ, દિલથી માફી માંગુ છું, આવી ભૂલ નહીં કરવાની શક્તિ આપો.’ પસ્તાવો લઈએ એટલે ભૂલનો ગુનો ધોવાઈ જાય.



# એક મજાની ટીપ

થીઓ : મારું વજન તો વધતું જ જાય છે. મને એવી કોઈ ટિપ્સ આપો, જેનાથી હું ફિટ રહી શકું.

પૂજ્યશ્રી : ખોરાકનું જ્ઞાન નહીં જાણવાથી તબિયત બહુ બગડે છે. પેટ્રોલની ગાડીમાં ડીઝલ ભરે, પછી મશીન ઝટકા મારે. પણ એ થવાનું કારણ શું ? ખોરાકની ડિસિપ્લિન નહીં જાણવાથી.

ના ભાવતું ખાય જ નહીં અને ભાવતું વધારે પડતું ખવાઈ જાય. હિત-અહિતપૂર્વક ખાવું જોઈએ. હિત એટલે શું ? આ શરીરને હિતકારી છે, એટલું ખાઉં અને અહિતકારી હોય એટલું ના ખાઉં.

સહેલામાં સહેલો દાદાનો કાયદો છે કે એક કોળીયાને ખૂબ ચાવો - ૩૬ વખત ચાવો, ૩૨ વખત ચાવો.



# મદદ

મોમો : દાદી કહે છે કે હું નવરો હોઉં ત્યારે મારે બીજાને મદદ કરવી જોઈએ, પણ મને ખબર નથી પડતી કે હું કોની અને કેવી રીતે મદદ કરું ?

પૂજ્યશ્રી : ભાવના કરવાની, હે દાદા, જગતનું કલ્યાણ કરો, જગત કલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની પરમ શક્તિ આપો. રોજ સીમંધર સ્વામી, દાદા, નીરુમાને બધી પ્રાર્થના કરવાની. 'મન-વચન-કાયાથી કોઈને દુઃખ ન હો' અને તે જગત કલ્યાણ માટે વપરાઓ. જ્યારે સંજોગ ઊભો થાય ત્યારે હેલ્પ કરવાની અને ન ઊભો થાય તો ભણવાનું, પ્રાર્થના કરવાની અને ભાવના કરવાની.






# વાંચન

ઓલી : મારા ઘરમાં બધા આખી રાત જાગીને વાંચ્યા કરે છે, પણ મને સમજાતું નથી કે આટલું બધું એ લોકો કેમ વાંચે છે ?

કલ્પટોપ : પ્લીઝ નોટ કે મારા ડેટાબેઝમાં દાદા, નીરુમા કે પૂજ્યશ્રીએ આપેલો આ સવાલનો જવાબ સ્ટોર નથી. મારો આન્સર આ છે...

જો તમને એક એવું વાહન મળે જેમાં બેસીને તમે ગમે ત્યારે વર્લ્ડ ટૂર પર જઈ શકો, જુદા જુદા લોકોને મળી શકો, નવી નવી વાતો જાણી શકો, તો શું તમે જવાનું પસંદ કરશો ? એવા વર્લ્ડ ટૂર પર જવાની ટિકિટ આપણા બધા જ પાસે છે. અને એ ટિકિટ છે 'બુક્સ'. બુક્સનો સહુથી સ્પેશિયલ ખજાનો છે, 'વાર્તાઓ'. જે આપણને જીવન જીવવાના મહત્વપૂર્ણ બોધ આપી જાય છે. તો ચાલો, ટચૂકડી વાર્તાઓની મજા લઈએ.



# સાચા દિલની માફી

વર્ષો પહેલાની આ વાત છે. એક આશ્રમમાં એક સંત રહેતા હતા. દુનિયામાં કોઈની પાસે ના હોય એવું પુસ્તક આ સંત પાસે હતું. પુસ્તકમાં સમજણનો ખજાનો હતો. અને એટલે જ એ પુસ્તક મૂલ્યવાન હતું.

એક દિવસ એક વ્યકિત સંત પાસે શિષ્ય બનવાની ઈચ્છાથી આવ્યો. ત્યાં એણે પેલું પુસ્તક જોયું. જોતા જ એને ચોરી કરવાનું મન થયું. જેવા સંત થોડા આઘાપાછા થયા કે પુસ્તક ચોરીને એ વ્યક્તિ ભાગી ગયો.

પુસ્તક લઈને એ પહોંચ્યો એક દુકાને. દુકાનદારને મૂલ્યવાન વસ્તુઓની પરખ હતી કારણ કે એની દુકાનમાં અન્ય કિંમતી વસ્તુઓ ઘણી બધી હતી.

વ્યક્તિએ દુકાનદારને કહ્યું, "મારે આ અત્યંત મૂલ્યવાન પુસ્તક વેચવું છે. સો સોનામહોર મળશે ?"

દુકાનદારે કહ્યું, "હું તપાસ કરીને તને જણાવું."

બન્યું એવું કે દુકાનદાર પુસ્તક લઈને સંત પાસે ગયો અને સંતને પૂછ્યું, "શું આ પુસ્તકના સો સોનામહોર અપાય ?"

સંતે પુસ્તક જોઈને કહ્યું, "હા, હા. આ પુસ્તક તો બહુ કિંમતી છે. સો સોનામહોર તો બહુ લાભકારી સોદો છે."

દુકાનદાર પેલી વ્યક્તિ પાસે પાછો આવ્યો અને કહ્યું, "આ લે સો સોનામહોર. મેં આશ્રમના સંતને આ પુસ્તક બતાવ્યું અને એમણે કહ્યું કે સો સોનામહોરની કિંમત વ્યાજબી છે."

આ સાંભળીને પેલી વ્યક્તિને બહુ જ આશ્ચર્ય થયું, "બસ, એટલું જ કહ્યું સંતે ? બીજું કંઈ ના કહ્યું ?"

દુકાનદારે કહ્યું, "હા, બસ આટલું જ કહ્યું. કેમ પૂછવું પડ્યું ?"



વ્યક્તિએ દુકાનદારને કહ્યું, ‘‘કંઈ નહીં, કંઈ નહીં. પણ મેં મારું મન બદલી નાખ્યું છે. મારે આ પુસ્તક નથી વેચવું.’’

પુસ્તક લઈને એ વ્યકિત ભાગ્યો સીધો સંત પાસે.

સંતના પગે પડીને એણે માફી માંગી, ‘‘મને માફ કરી દો અને તમારું આ પુસ્તક પાછું લઈ લ્યો.’’

‘‘ના, ના, ભાઈ. આ પુસ્તક મારી પ્રસાદી સમજીને તમે જ રાખી લ્યો.’’ સંતે કહ્યું.

‘‘ના સાહેબ, આ પુસ્તક તમે પાછું નહીં લ્યો તો મને શાંતિ નહીં વળે.’’ કહીને વ્યક્તિએ પુસ્તક પાછું આપ્યું. ત્યાર પછી એ આશ્રમમાં જોડાઈ ગયો અને આખું જીવન સંતની સેવા કરી.


તો જોયું મિત્રો, સાચા દિલથી આપેલી માફી ચોર જેવા ચોરનું પણ હૃદય પરિવર્તન કરી નાખે !

---

# આઉટડોર ગેમ્સ

રિઝો : મને ઘરમાં બેસીને વિડિયો ગેમ્સ રમવી ગમે છે. મારા ફ્રેન્ડસ કહે છે કે આઉટડોર ગેમ્સ રમવી જોઈએ. પણ કેમ ?

પૂજ્યશ્રી : રમત-ગમત જીવતા સાથે રમો. બધા સાથે રમીએ તો એમની સાથે એડજસ્ટમેન્ટ લેવાની શક્તિ વધે. આઉટડોર ગેમ્સ રમો તો હાથ, પગ અને આંખોને કસરત થાય અને શ્વાસમાં ઓક્સિજન સારો મળે.




# ચાલો રમીએ...

## 1

| | | | | |
|---|---|---|---|---|
| 7 | 2 | 4 | 5 | 1 |
| 3 | 5 | 1 | 6 | 3 |
| 0 | 3 | 7 | 4 | 5 |
| 4 | 1 | 5 | 0 | 2 |
| 6 | 2 | 9 | 1 | 3 |

આડી, ઉભી અથવા ક્રોસ લાઈનમાં 3 નંબર એવી રીતે શોધો કે જેનો સરવાળો ૧૦ થાય.


## 2




તમારા મગજનો ઉપયોગ કરો અને જવાબ આપો.

# 3 આપેલા ચિત્રમાંથી ૬ શબ્દો શોધો.

NOVEL, BOOK, PAGE, WORDS, READ, STORY



પઝલના જવાબ

1



2



3



Akram Express

May 2022
Year : 14, Issue : 9
Conti. Issue No.: 165

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month





## ૪ થી ૧૨ વર્ષના બાળકો માટે યોજાયેલ સમરકેમ્પની જલક...









**ગોવાળ-વાર્તા બનાવો**
**1st winner**

નામ : પ્રાપ્તિ પાનસુરિયા
સેન્ટર : રાજકોટ

### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.